# પ્રવચન નં.૧૩ - તા.૩-૯-૮૭
# સમયસાર ગાથા-૧૧
# દસ લક્ષણ ધર્મ-ઉત્તમ તપધર્મ.

આજે પર્યુષણ પર્વાધિરાજનો, શુધ્ધાત્માની આરાધનાનો સાતમો ઉત્તમ તપ ધર્મનો દિવસ છે. તપની વ્યાખ્યા કરશે. આજે ઉત્તમ તપ ધર્મનો દિવસ છે. ભાદરવા સુદ પાંચમને દિવસે 'ઉત્તમ ક્ષમાધર્મ' કહેવાય છે. અને અગિયારસને દિવસે 'ઉત્તમ તપધર્મ' કહેવાય છે. પણ તેથી એમ ન સમજવું કે પાંચમને દિવસે ક્ષમા સિવાય બીજા ધર્મો હોય જ નહીં, ને અગિયારસને દિવસે તપધર્મ જ હોય. ખરેખર તો આત્માના વીતરાગભાવના ઉત્તમ ક્ષમાદિ દસે ધર્મો એક સાથે જ હોય છે, એક દિવસે એક ધર્મ અને બીજા દિવસે બીજો ધર્મ -એમ નથી. પરંતુ એક સાથે દસે ધર્મોનું વ્યાખ્યાન થઈ શકે નહીં તેથી ક્રમસર એકેક ધર્મનું વ્યાખ્યાન કરવાની પધ્ધતિ છે.

પાંચમ-છઠ્ઠ વગેરે દિવસો તે તો કાળની અવસ્થા છે-જડ છે, તેમાં કાંઈ ઉત્તમ ક્ષમાદિ ધર્મ રહેલો નથી. સમ્યગ્દર્શનપૂર્વક આત્માના વીતરાગભાવમાં ઉત્તમ ક્ષમાદિ ધર્મો રહેલાં છે, જેને આત્માની સાચી ઓળખાણ ન હોય તેને ઉત્તમ ક્ષમાદિ એકેય ધર્મ હોતા નથી. ઉત્તમ ક્ષમાદિ ધર્મો તે સમ્યક્ચારિત્રના ભેદો-પ્રકારો છે. મુખ્યપણે મુનિદશામાં આ ધર્મો હોય છે. શ્રી પદ્મનંદિ આચાર્યદેવ ઉત્તમ તપધર્મનું વર્ણન કરે છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વકનો ઉત્તમ તપ આ સંસારસમુદ્રથી પાર થવા માટે જહાજ સમાન છે. નાસ્તિથી ઈચ્છા નિરોધ તેને તપ કહેવામાં આવે છે. તેમાં આહાર લેવાની ઈચ્છા રોકાય જાય છે અને વિષય અને કષાય. પરને જાણવાની ઈચ્છાને વિષય કહેવાય અને કષાય અનુસાર કાંઈક કરવાનો વિકલ્પ ઊઠે તેને કષાય કહેવામાં આવે છે. વિષય અને કષાય-પરને જાણવાની ઈચ્છા તે વિષય અને કરવાની ઈચ્છા થાય છે તેને ભગવાન કષાય કહે છે. એમ વિષય-કષાય, મોહ, રાગ અને દ્વેષને જીતીને, અંતર્મુખ થઈને ત્યાં ઈચ્છા રોકાય જાય છે અને સ્વરૂપમાં લીનતા પ્રતપન એવી વીતરાગી દશાને પરમાત્મા તપ કહે છે. અને એ તપ નિર્જરાનું કારણ છે. વીતરાગભાવ નિર્જરાનું કારણ છે. શુભરાગરૂપ જે ઉપવાસ છે, સમ્યગ્જ્ઞાનરૂપી દષ્ટિથી વસ્તુ સ્વરૂપને જાણીને, વસ્તુસ્વરૂપને જાણવાની દષ્ટિ સમ્યક્ છે. સમ્યગ્જ્ઞાનમાં જ વસ્તુ જેવી છે તેવી જાણી શકાય છે. વસ્તુસ્વરૂપને જાણીને તેમાં લીન થતાં, તે ચારિત્રતપની વાત કરે છે.

તેમાં લીન થતાં, આત્માનો સ્વભાવ જાણવામાં આવ્યો હોય તેમાં લીન થવાય. આત્માનો સ્વભાવ

જ લક્ષમાં નથી તો લીન શેમાં થવું? એ તો રાગમાં અનાદિકાળથી લીન થઈ ગયો છે. વસ્તુ સ્વરૂપને એટલે આત્માના જ્ઞાનાનંદી પરમાત્મદેવને જાણીને, તેમાં એટલે આત્માના સ્વભાવમાં, એકાગ્ર થઈને લીન થતાં ઈચ્છાઓ અટકી જાય છે. નીચલી ભૂમિકામાં ઈચ્છાઓનો સર્વથા અભાવ થતો નથી. ઈચ્છાઓ અટકી જાય છે. તે તપ છે. ઈચ્છા નિરોધ તેને તપ કહેવામાં આવે છે. કર્મમલનો તેનાથી નાશ થાય છે. જે ભાવથી શુભ કે અશુભ કર્મો બંધાય તે ખરેખર તપ નથી. પણ જે ભાવથી જ્ઞાન-દર્શનની શુદ્ધિ માટે પ્રગટે અને કર્મનો ક્ષય થાય તેને પરમાત્મા તપ કહે છે.

એ તપ આત્માનું વીતરાગી ચારિત્ર છે. એ તપ એ ચારિત્રનું બીજું નામ છે. નિશ્ચયથી તો વીતરાગભાવરૂપ એક જ પ્રકારનું તપ છે. એવા નિશ્ચયતપની ઓળખાણપૂર્વક જયાં પૂર્ણ વીતરાગભાવ ન થાય ત્યાં શુભરાગરૂપ વ્યવહાર તપ હોય છે. ઉપવાસ આદિ બાર પ્રકારના તપ છે. અનશન આદિ ઉણોદરી. તે વ્યવહારતપના સામાન્યપણે બે પ્રકાર છે. એક બાહ્યતપ અને બીજો અભ્યંતરતપ તથા વિશેષપણે, અણશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસ-પરિત્યાગ, વિવિકત શય્યાસન, કાયકલેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાન એ બાર ભેદ તપના છે. તેમાં પહેલા છ પ્રકારો બાહ્યતપના ભેદો છે અને પછીના છ પ્રકારો અભ્યંતર તપના ભેદો છે. એ ધ્યાનમાં રાખવું કે આ બધાય પ્રકારના તપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પછી જ હોય છે. જો હોય તો તેને વ્યવહાર કહેવાય. સમ્યગ્દર્શન વિનાના તપ હોય તો તેને શુભરાગ કહેવાય. વ્યવહાર ન કહેવાય. સમ્યગ્દર્શન વગર કાયકલેશ, અણશન કે સ્વાધ્યાય વગેરે કરે તેને નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ રીતે તપ કહી શકાતું નથી.

ફરીને, સમ્યગ્દર્શન વગર કાયકલેશ, અણશન-ઉપવાસ, સ્વાધ્યાય વગેરે કરે જે જીવ, તેને નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ રીતે તપ કહી શકાતું નથી. ઉત્તમતપ એ સમ્યક્ચારિત્રનો ભેદ છે. સમ્યક્ચારિત્ર સમ્યગ્દર્શન વગર હોતું નથી, પુણ્ય કે પાપરૂપ કોઈ ઈચ્છા આત્મસ્વભાવમાં નથી. ઈચ્છારહિત અનિચ્છક એવું નિર્મળ ચૈતન્યસ્વરૂપને ઓળખીને તેના અનાકુળ આનંદના અનુભવમાં લીન થતાં વીતરાગીભાવથી આત્મા શોભી ઊઠે છે-એનું નામ તપ છે. એવો તપ મુકિતનું કારણ છે.

એ ચારિત્રનો ભેદ તપ કહ્યો એ તપ સમ્યગ્દર્શનરૂપ હોય છે. અને સમ્યગ્દર્શનની પ્રગટતા કેમ થાય છે એ સમયસારમાં કહ્યું કે પોતાના જ્ઞાયકનું અવલંબન લ્યે, પર્યાયના ભેદોનું લક્ષ છૂટી જાય, અને દ્રવ્યનું લક્ષ આવે તેને નિર્વિકલ્પ ધ્યાનમાં આત્માનો આનંદ આવે તેને સમ્યગ્દર્શન પ્રગટ થયું કહેવામાં આવે છે. તેની વ્યાખ્યા ૧૧નંબરની ગાથામાં આપણે સ્વાધ્યાય ચાલે છે. તેનો ભાવાર્થ છે આજે ભાવાર્થ.

ભાવાર્થમાં એમ કહ્યું કે અભેદ સામાન્ય જે વસ્તુ છે અને પર્યાયને અમે અવસ્તુ, અવિદ્યમાન, અસત્યાર્થ કહ્યું હતું, તો કોઈ એ પર્યાય જ્ઞાનના જ્ઞેય માટે પણ નથી. સર્વથા અભાવરૂપ છે એમ જો કોઈ માને તો તેણે જ્ઞાનનો દ્રોહ કર્યો કહેવામાં આવે છે. જે જ્ઞાનનો દ્રોહ કરે છે તેને દષ્ટિ પ્રગટ થતી નથી.

પણ આત્મઅનુભવ થતાં એ અભેદને જાણનારું જ્ઞાન જેમ પ્રગટ થાય છે તેમ ભેદને જાણનારું જ્ઞાન પણ તે જ તત્ક્ષણ પ્રગટ થાય છે. એ જ્ઞાન પર્યાયના ભેદોને જાણે છે, સાધકનું જ્ઞાન. નિશ્ચય રત્નત્રયના પરિણામ જેટલી માત્રામાં સ્વાશ્રિત હોય તેને તે પ્રકારે જાણે. પરાશ્રિત વ્યવહાર રત્નત્રયના પરિણામ જે પ્રકારે ઉત્પન્ન થાય તે પ્રકારે તેને જાણે. અને તેના નિમિત્તોને પણ જ્ઞાન જેમ છે તેમ જાણે છે. પરિણામને જાણે, પરિણામને કરતો નથી. ૧૧મી ગાથા પછી ૧૨મી ગાથા આવવાની છે, તેથી કહ્યું કે ભેદો, પ્રકારો ગુણસ્થાનના ભેદો એ જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે. પણ એ ધ્યાનમાં ધ્યેયપણે નથી. ધ્યેય તો સામાન્ય છે. અને જ્ઞાનનું જ્ઞેય તો વિશેષ છે. અને બેયને યુગપદ જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આ બધા પ્રકારો, ત્રણે પ્રકારો આત્માને આત્માના અનુભવની દશાના કાળમાં ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. એ બધા ભેદો ભાવશ્રુતજ્ઞાનના છે. નિશ્ચય-વ્યવહાર ને પ્રમાણ ત્રણેય. માટે દ્રવ્ય જેમ છે તેનો આશ્રય કરતાં તે પરિણામ પ્રગટ થાય તેને પણ જાણે. પણ પરિણામને જાણવા માટે પણ કાઢી નાખે, આશ્રય માટે અભૂતાર્થ છે એ તો બરાબર છે. પણ પૂર્ણ અવસ્થા ન પ્રગટ થાય ત્યાં સુધી જયાં જે સ્થિતિ પોતાની હોય એ સ્થિતિને ગુણને ગુણરૂપ જાણે, દોષને દોષરૂપ જાણે અને સ્વભાવમાં ઠરતાં આ દોષ પણ ટળી જશે. એટલે દોષને ટાળવાનો ઉપાય પણ તેના હાથમાં આવી ગયો છે એટલે અલ્પકાળમાં દોષ ટળી અને પૂર્ણાનંદની પ્રાપ્તિ તેને થાય છે.

એ પર્યાયના દોષને સ્વીકાર જ કરે નહીં તે સમ્યગ્દષ્ટિ નથી. પર્યાયમાં દોષ છે એમ જ્ઞાની સાધક જાણે છે. અમારી નબળાઈથી અમારી સ્વરૂપમાં લીનતા થતી નથી. થોડી લીનતા છે તેટલી વીતરાગતા છે અને થોડો ભેદાશ્રિત કે પરાશ્રિત રાગ થાય છે એ પણ પર્યાયમાં પર્યાયનો દોષ છે. અને એ દોષ પણ ટાળવા જેવો છે, રાખવા જેવો નથી. અને કેમ ટળે તે ચાવી તેના હાથમાં આવી ગઈ છે. તે સ્વરૂપમાં લીન થતાં આ રાગ ટળી જશે. અવશ્ય ટળશે. શ્રધ્ધામાં તો તેનો નિષેધ છે પણ જ્ઞાનના જ્ઞેયપણે સ્વીકાર કરે છે, કે સ્વરૂપમાં લીન થતાં રાગ ટળી જશે. એવા અભેદના જ્ઞાનપૂર્વક ભેદનું જ્ઞાન અથવા પ્રમાણથી ભેદાભેદનું જ્ઞાન શ્રુતજ્ઞાનીને, સાધકને અવશ્ય હોય છે. એમ જો ન માને તો અન્યમતિ જેમ પર્યાયને અવસ્તુ કહે છે, વેદાંતમતવાળા, એવો મિથ્યાત્વનો દોષ તને લાગશે માટે સંભાળજે.

૧૧મી ગાથામાં વ્યવહાર અભૂતાર્થ કહ્યો છે એ તો આશ્રય છોડાવવા માટે. અહમબુધ્ધિ છોડાવવા માટે કહ્યો હતો. તેનો અર્થ એમ નથી કે બિલકુલ પર્યાય જ નથી. અને પર્યાય વિનાનું દ્રવ્ય છે એમ આશય સમજવો નહીં. જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, એમ સમજીને સ્વભાવ તરફ વળી જવું, સ્વભાવ તરફ વળતાં અનુભવ થાય. અનુભવ થતાં અનુભવમાંથી બહાર નીકળતાં પોતાના પરિણામની પરિણતિની જે સ્થિતિ હોય તેને બરાબર જ્ઞાનમાં હોય છે, જ્ઞાનીને.

માટે **અવસ્તુ માયારૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુધ્ધબ્રહ્મને વસ્તુ કહે**

**છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુધ્ધનયના પક્ષરૂપ,** શુધ્ધનય તો પ્રગટ નથી થઈ. પણ હું શુધ્ધ છું, અભેદ છું, એક છું, પર્યાય મારામાં નથી. પર્યાય તારામાં નથી એ વાત તો સાચી પણ પર્યાય પર્યાયમાં છે કે પર્યાય પર્યાયમાં પણ નથી. જયાં પર્યાય આત્મામાં નથી એમ કહ્યું ત્યાં તદ્દ્ન પર્યાયને ઉડાડે અને અલોકમાં મોકલી દયે તો તેને આત્માનો અનુભવ થતો નથી. કેમકે પરિણતિ અંતરસન્મુખ થઈ, અભેદ થઈને આત્માને પ્રસિધ્ધ કરે છે. માટે દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે એવું સાધકને જ્ઞાન હોય છે. જો એ પર્યાયને સર્વથા ઉડાડે તો જેમ અન્યમતિ વેદાંત મતવાળા કહે છે એવો મત આવતાં મિથ્યાત્વનો તને દોષ લાગશે. **એકાંત શુધ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે, માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે.** કથંચિત નિત્ય અને કથંચિત અનિત્ય એવો આત્માનો પ્રમાણજ્ઞાનથી જોવામાં આવે તો સ્વભાવ છે. નિત્ય પણ આત્માનું કર્મ છે અને અનિત્ય પણ પર્યાય અપેક્ષિત આત્માનો ધર્મ છે.

એમ **કહે છે કે પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.** કોઈ વખત દ્રવ્યસ્વભાવની મુખ્યતાથી દ્રવ્યનું અવલંબન લેવા માટે પર્યાય અવસ્તુ કહે અને પછી પર્યાયનું જ્ઞાન કરાવવા માટે મુખ્યપણે પર્યાય છે, એ જાણવા લાયક છે. જાણવામાંથી કાઢીશ નહીં, નીકળી શકતી નથી એ જ્ઞાનમાં જણાય જાય છે. તેને જાણે છે. જાણલો પ્રયોજનવાન પણ કહેવામાં આવે છે.

હવે આગળ. એક અનાદિકાળની જીવની ભૂલ છે એ પંડિતજી બતાવે છે. **પ્રાણીઓને,** એટલે અજ્ઞાની પ્રાણીઓને, દસ પ્રકારના પ્રાણથી જીવ જીવે છે અને ઈન્દ્રિયપ્રાણને આત્માનો સ્વભાવ (જે) માને છે. એવા અજ્ઞાની **પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે.** એની પાસે પર્યાયને આત્મા માનવારૂપ અજ્ઞાન અનાદિકાળનું છે. રાગને આત્મા માને, એક સમયની પર્યાયને આત્મા માને. પણ એ પર્યાયથી ભિન્ન પરમાત્મા અંદર બિરાજમાન છે તેને દષ્ટિમાં લેતો નથી.

તેથી તેને, **પ્રણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે.** વ્યવહારના ઘણા પ્રકાર છે તેમાં સ્થૂળ અપેક્ષાએ જોઈએ તો શુભરાગથી લાભ થાય તેમ માને તેને વ્યવહારનો પક્ષ કહેવામાં આવે છે. શુભરાગનું હોવું તે વ્યવહારનો પક્ષ નથી. એ તો વ્યવહાર છે. શુભરાગનું હોવું દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિત ઈત્યાદિ એ રાગ હોય તેને વ્યવહારનો પક્ષ કહેતા નથી. પણ તેનાથી લાભ માને અને તેનો સ્વામી બનીને તેમાં કર્તૃત્વબુધ્ધિ રાખે તેને વ્યવહારનો પક્ષ કહેવામાં આવે છે. ઈન્દ્રિયજ્ઞાનથી આત્મા પણ ન જણાય અને ખરેખર પર ન જણાય. તો એ પક્ષમાં પડયો છે કે ઈન્દ્રિયજ્ઞાન વડે ભલે મને આત્મા ન જણાય પણ પર તો જણાય છે ને? એ પણ એક વ્યવહારનો પક્ષ છે. આહાહા!

અલિંગગ્રહણના બોલમાં કહ્યું કે આ આત્મા ઈન્દ્રિયજ્ઞાન વડે પરને જાણતો નથી. ઈન્દ્રિયજ્ઞાન વડે પરને જાણું છું એમ માને છે તે અનાત્મા છે. અને ઈન્દ્રિયજ્ઞાન વડે આત્મા પણ જણાતો નથી. સ્વ-

પર કાંઈ યથાર્થપણે જણાતું નથી છતાં તે શાસ્ત્રજ્ઞાનનો પક્ષ રાખીને મને જ્ઞાન પ્રગટ થઈ ગયું, જ્ઞાન બહુ વધ્યું. પહેલાં આટલું જ્ઞાન નહોતું હવે જ્ઞાન બહુ વધ્યું. એ જ્ઞેય વધ્યું છે પણ જ્ઞાન વધ્યું નથી. જ્ઞેયને જ્ઞાન માને. શાસ્ત્રજ્ઞાન હેયરૂપ જ્ઞેય છે. હોય પણ એ ઉપાદેય તત્ત્વ નથી. એવો વ્યવહારનો પક્ષ પણ જીવને રહી જાય છે તેને જ્ઞાનનો મદ કહેવામાં આવે છે. એ ઘણા પ્રકારો છે સૂક્ષ્મપણે. પછી પર્યાયથી સહિત જ આત્મા છે એકાંતે, પર્યાયથી રહિત હોય શકે જ નહીં. એ પણ એક વ્યવહારનો પક્ષ છે, વ્યવહાર નથી. પર્યાયથી રહિત આત્માનું ભાન થઈ અને પછી પર્યાયથી સહિત જાણે તો તેને વ્યવહારનય કહેવાય. પણ પર્યાયથી સહિત જ આત્મા છે તેમ એકાંતરૂપ પ્રમાણના પક્ષમાં રોકાય જાય તોપણ તેને વ્યવહારનો પક્ષ છે, વ્યવહાર નથી. પ્રમાણજ્ઞાન નથી પણ પ્રમાણાભાસ છે. પ્રમાણનો પક્ષ થઈ ગયો છે. એમ વ્યવહારનો પક્ષ ઘણા પ્રકારે હોય છે. વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે. આ અગ્રહિત મિથ્યાત્વની વાત કરી. અનાદિ શબ્દ વાપર્યો છે. આહાહા! એ કોઈના ઉપદેશથી એણે ગ્રહણ નથી કર્યો. અનાદિથી આત્મા પોતાના સ્વભાવથી જ્ઞાયક-જ્ઞાતા હોવા છતાં પણ બીજાના ઉપદેશ વિના પોતે પોતાને રાગનો કર્તા માની બેઠો છે એ અનાદિનું એ મિથ્યાત્વનું શલ્ય છે.

કહે છે કે અનાદિકાળથી વ્યવહારનો પક્ષ છે. અને તેનો ઉપદેશ પણ, આહાહા! એક તો વ્યવહારનો પક્ષ છે અને ઉપદેશક પણ કેવા મળ્યા, 'દ્રવ્ય ક્રિયારુચિ જીવડા, ભાવક્રિયા રુચિ હિન, ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન'. આહા! જે કરતો હોય તે કર્યા કરે. અને કરે છે જે એને પુષ્ટ કરનારા અજ્ઞાની જીવને પણ (તેમ કહે કે) બરાબર છે તમારી લાઈન! સાચી લાગે છે હોં! આહાહા! ઓલા બધા સોનગઢવાળા છે તે એકલા નિશ્ચયાભાસી થઈ ગયા છે તમે બરાબર છો. ત્યાં તેને મિથ્યાત્વ દૃઢ થઈ ગયું. આહાહા! ભાઈ! આ કાચો પારો છે. તેને કેળવીને ખાય (સમજે) તો કામ થઈ જાય. બાકી કોઈ નિશ્ચયાભાસ થઈ જાય. તેની પ્રજ્ઞાના દોષથી એમાં શ્રી ગુરુ શું કરે? આહાહા! શ્રી ગુરુનો કાંઈ દોષ નથી. એ તો એની પ્રજ્ઞાનો દોષ છે.

વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે. આ ૧૧મી ગાથા છે ને એક ૧૧મી ગાથા, એક ૫૬ ગાથા, એક ૬૭, અને એક ૨૭૨. એ ચાર ગાથાનું ઈનામ જયપુરમાં વિદ્યાર્થીઓ માટે જાહેર કર્યું છે. એ વિદ્યાર્થીઓ જે વિદ્યાલયના છે ભૂતકાળના પાસ થઈ ગયેલા બધા અને વર્તમાનમાં જે છે તે. એ બધા વિદ્યાર્થીઓને આ ચાર ગાથાનો નિબંધ લખવાનું કહ્યું. લખીને ૧૫ તારીખ સુધીમાં રાજકોટ મોકલજો. ફર્સ્ટ કલાસ માર્કસ આવશે તેને ૧૦૦૦ (રૂપિયા) ઈનામ. અને સેકન્ડ કલાસને ૫૦૦ (રૂપિયા) ઈનામ. ત્યારે બીજા કહે અમે લખીએ કે નહીં? તમે લખો ખુશીથી. તમને ધન્યવાદ આપવામાં આવશે પણ ઈનામ આપવામાં આવશે નહીં. લખવાની છૂટ બધાને. આહાહા!

આ ચાર ગાથા મૂળ છે. પાયાની વાત છે. વ્યવહારનો પક્ષ (અનાદિનો છે) ભાવથી ભણે તો પક્ષ

છૂટી જાય અને વ્યવહારનો જ્ઞાતા થઈ જાય. વ્યવહાર ન છૂટે.

મુમુક્ષુ :- આપને અહીં (આ ગાથાઓ) લેવી પડશે.

ઉત્તર :- અમે લેવા તૈયાર જ છીએ. ઈશ્વરભાઈ કહે છે, ઈશ્વરભાઈ કમીટીના મેમ્બર છે એ. વાંચનકારને બોલાવવા, બીજું બધું .. એ મેમ્બર છે. કમીટી રચી છે ને સુમનભાઈએ! કયાં ગયા સુમનભાઈ?

આહાહા! શું કહ્યું? ભાઈ! એ તું જે માની બેઠો છો એવો તું નથી. અમે વ્યવહારનો નિષેધ કરીએ છીએ તેમાં તારો નિષેધ કયાં આવ્યો પ્રભુ! આ તું એવો નથી. તું ઈન્દ્રિયજ્ઞાનવાળો નથી, તું પુણ્ય-પાપવાળો નથી, તું કર્મના સંયોગ સંબંધવાળો નથી, તું મનુષ્ય નથી, તું નારકી નથી, તું દેવ નથી. પ્રભુ! તું તો ભગવાનઆત્મા છો. એમાં અમે સાચી વાત તારું સ્વરૂપ છે એવું કહીએ છીએ એમાં તને શું દુઃખ લાગે છે? કેમ કે જેવો તું માની રહ્યો છો તેવો તારા આત્માનો સ્વભાવ નથી. સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં જોયો એવો તારો સ્વભાવ છે. અને સંતોએ અનુભવીને તે વાત કરી છે કે આત્મા ભગવાન છે. બધા ભગવાન છે અને બધા ભગવાન થાઓ. આહાહા! એ આશીર્વાદ આપનારો ચાલ્યો ગયો અને અત્યારે તો વચન ને વાણીમાં પણ વક્રતા આવી ગઈ કે નિગોદમાં જશે. આવા આવા શબ્દો સંભળાય છે, પ્રભુ! કોઈ દિ' કોઈ જીવ દુઃખી થાય એવો કોઈનો વિચાર કરે તો બરાબર લાગતું નથી. અને મુમુક્ષુને તો એ શોભે નહીં. ભગવાન છો અને ભગવાન થાઓ. આહાહા! વર્તમાન તમે ભગવાન છો અને તેનું અવલંબન લેતાં ભગવાન તમે થાઓ. આહાહા! આ વળી કરુણાના સાગર, કરુણાની મુર્તિ આપણને રસ્તો માર્ગ બતાવી, ભૂલેલાને માર્ગ બતાવીને ચાલ્યા ગયા.

કહે છે કે વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે. વ્યવહારનો નિષેધ આવ્યા વિના નિશ્ચયની પ્રાપ્તિ ત્રણકાળમાં કદી કોઈ જીવને થતી નથી, થશે નહીં, થવાની નથી. આહાહા! વ્યવહારનો નિષેધ એ જ નિશ્ચયનું વાચ્ય છે. નિશ્ચય તો વચનાતીત છે. પણ જે જ્ઞાન વ્યવહારનો નિષેધ કરે કે રાગ મારો નહીં. જે જ્ઞાનમાં આવ્યું કે રાગ મારો નહીં હું તો જ્ઞાનમય આત્મા છું. હું જ્ઞાનમય આત્મા છું અને રાગમય નથી. આવો જેને વિચાર આવે તેને વિકલ્પાત્મક નિશ્ચયનો પક્ષ આવ્યો કહેવામાં આવે છે. પછી પક્ષાતિક્રાંત થાય તો અનુભવ થાય.

ચાર ગાથાની જાહેરાત કરી છે પછી એક ભાઈએ કહ્યું ભાઈ! ઈનામ મારા તરફથી, અમદાવાદમાં એક બીજા ભાઈએ કહ્યું કે ઈનામ મારા તરફથી. મેં કીધું ઈનામ આપનારા મળી ગયા છે ભાઈ! તો એક ભાઈ કહે કે બીજા ઈનામ કાઢો ત્યારે મારું લીસ્ટમાં નામ (રાખજો.) આ ઈનામ આપનારાની હરીફાઈ! બોલો! આહા! એમ વિચાર આવ્યો કે, જૂની પેઢી છે ગુરુદેવને પરિચયવાળા, એ તો થોડા ટાઈમ પછી, ચીમનભાઈ! વિદાય થવાનું છે ને? આપણા બધાએ તો. આ જે નવી પેઢી તૈયાર થાય છે, નવી પેઢી.

જયપૂરમાં નવી પેઢી તૈયાર થાય છે જે કુંદકુંદની વાણી ગુરુદેવે સ્પષ્ટ કર્યું, આહા! તેને યથાતથ્યરૂપે પ્રતિપાદન કરે તો સ્વ-પર બેયનું હીત થાય તો એ વિદ્યાર્થી ઉપર મારી નજર ગઈ કે વિદ્યાર્થીઓ તૈયાર થાય તો સારું. અરે! ચર્ચા તો કરે પરસ્પર! આ વ્યવહાર એટલે શું? વ્યવહારનય એટલે શું? વ્યવહારનો પક્ષ એટલે શું? અને વ્યવહાર શું? તેના ભાગલા તો પાડે! વ્યવહારનય તો જ્ઞાનનો અંશ છે. અને વ્યવહારનો પક્ષ તે અજ્ઞાનનો અંશ છે. એ જ્ઞાન કયાં છે?

મુમુક્ષુ :- આપણે રાજકોટમાં પણ એવી સ્પર્ધા કરાવીએ.

ઉત્તર :- હા, બહુ સારી વાત છે.

મુમુક્ષુ :- ચાર નહીં તો પહેલાં બે ગાથા લઈએ.

ઉત્તર :-આ અધ્યયન કરે ઊંડાણથી તેને લાભ થાય અને જયારે વાંચન કરવા જાય બધી જગ્યાએ, તો તેને ખ્યાલ આવે. આ કેમ ચાર ગાથાનું કહ્યું? અને પછી વિદ્યાર્થીએ પૂછયું કે કોણ તપાસસે? (મેં કહ્યું) હું તપાસીસ. ઈનામ કોણ આપશે? હું આપીશ. હું આપીશ તો કહ્યું પણ પાછળથી તો બીજા બધા આપનારા નીકળ્યા. આહાહા!

આ ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. તેનું ધ્યાન ખેચાતું નથી. વ્યવહારના પક્ષનો અભાવ કરવાનું કહ્યું,

મુમુક્ષુ :- ગુરુદેવનો ઉપદેશ ચાલુ જ રહે એવી ભાવના થાય છે.

ઉત્તર :- એ ભાવનાથી જ આ ઈનામની વાત બહાર પાડી છે. આહાહા! ૪૫-૪૫ વર્ષ સુધી મહેનત કરી અને એ મહેનત ઉપર પાણી ફેરવવાની પ્રવૃત્તિ ચાલે એ કાંઇ અમને ગમે નહીં. આહાહા!

મુમુક્ષુ :- ગુરુદેવે પણ ત્યાંથી કહ્યું હતું કે લાલુભાઈ અને હુકમચંદજીનું નામ મારી મોઢે કહ્યું.

ઉત્તર :- એ ટેઈપ પણ ઉતરી ગઈ છે ટેઈપ. ભાઈ! ગુરુદેવ સાથે ચર્ચા થઈ હતી. આહાહા! શું કહ્યું પ્રભુ! કે ત્વરાએ આત્માનું હિત કરી લે. કોઈ શરણ નથી. આહાહા! કોઈ સંત, કોઈ મંડળ, કોઈ શેહાદી કોઈ શરણ આત્માનું નથી. ત્રીસ-ત્રીસ વર્ષના, ચાલીસ-ચાલીસ વર્ષના, પચાસ-પચાસ વર્ષના ચાલ્યા જાય છે. આહાહા! આ તો કોઈ આપણને મહાભાગ્ય જોગે લોટરી લાગી ગઈ. સીમંધરભગવાને અહીંયાં મોકલ્યા ગુરુદેવને. જાવ! લાયક જીવો, ભારતમાં, આહા! નિકટભવી જીવો ભારતમાં છે. પહોંચી જાવ! નિકટભવી જીવો અહીંયાં ઘણા છે. એટલે તેને મોકલ્યા. એક, બે માટે ન મોકલે. મહાપુરુષ! સર્વજ્ઞ ભગવાન મોકલે એક બે માટે? આહા! વાણી છૂટી ગર્જના! સિંહ ગર્જના છૂટી હોં! આહા!

આખું હિંદુસ્તાન સામે એકલો પુરુષ! મેરું ડગે પણ (આ મહાપુરુષ ન ડગે) આહાહા! કહે છે **પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા**

**સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.** હા, એ બરાબર, નહીંતર તો નિશ્ચયાભાસી થઈ જાય. શુભભાવ તો કરવો જોઈએ, કરતાં કરતાં ધર્મ થાય. કરવો જોઈએ? કે આવે તેને જાણવો જોઈએ? આવે તેને જાણવો જોઈએ કે છે તેને જાણવો જોઈએ? છે કોણ? જ્ઞાયક. આહાહા!આવે ત્યારે તેને જાણવું છે કે છે ભગવાન તેને જાણી લે ને એકવાર અને પછી જે રાગ જણાય તેને વ્યવહારનય કહેવામાં આવે છે. નિશ્ચયનયની સાથે વ્યવહારનય હોય, હોય ને હોય જ. અને વ્યવહારનયનો વિષય પણ છે, તેથી તો વ્યવહારનય છે. વિષય નથી એમ કોણે કહ્યું? આશ્રય કરવા યોગ્ય નથી. વ્યવહારનયનો વિષય, નવતત્ત્વ, છ દ્રવ્ય બધું છે. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધું છે. આહા! બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે, હા માં હા મિલાવે છે. અને એ વાત કેટલી સહેલી લાગે છે કે તેમાં કાંઈ સમજવાની તકલીફ જ નહીં. બોલો! આ સહેલો રસ્તો. પ્રત્યાખ્યાન કરો, ત્યાગ કરો. અરે! જ્ઞાન પ્રત્યાખ્યાન છે. રાગનો ત્યાગ કરવો આત્માના સ્વભાવમાં નથી. કેમકે આત્મા રાગના અભાવ સ્વભાવે, અપોહક સ્વભાવે બિરાજમાન છે. આહાહા! એ તો પરનું લક્ષ છૂટયું અને રાગની ઉત્પતિ ન થઈ અને જ્ઞાનમાં એમ જાણ્યું કે આ રાગ પરભાવ છે. પરને પર જાણવું તેનું નામ ત્યાગ કહેવામાં આવે છે. ત્યાગના નામે આખું હિન્દુસ્તાન ઠગાય છે. પણ જ્ઞાન પ્રત્યાખ્યાન છે. એક વાકય એવું મુકયું. આહાહા!

એક વાકય સોનેરી છે. જ્ઞાન પ્રત્યાખ્યાન જ્ઞાનમાં એમ જાણ્યું કે આ દેહાદિ ને આ કુટુંબ પરિવાર મારા નથી. જ્ઞાનમાં એમ જ્ઞાયકની સન્મુખ જાણ્યું કે રાગાદિભાવ મારા નથી. જ્ઞાને જ્ઞાયકની સન્મુખ થઈને એમ જાણ્યું-એક સમયની પર્યાય નાશવાન, અનિત્ય, સાપેક્ષ એ ખરેખર એ મારી ચીજ નથી. એમ જે જ્ઞાનમાં આત્માનું અવલંબન કરીને પરભાવને પર જાણ્યું તે જ્ઞાનનું નામ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન પોતે ત્યાગ છે. આહાહા! વાતો-વાતું ઘણી કરી ગયા છે અને ૧૧ ભાગ બહાર પડી ગયા છે પણ વાંચવાની ફૂરસદ તો જોઈએ ને? આહાહા! સોનું બનાવવાની ચોપડી તો ઘરમાં આવી પણ કબાટમાં બરાબર તાળુ મારીને રાખી મુકી છે. ગમે ત્યારે આપણે તો સોનુ બનાવી લેશું. બુક હાથમાં આવી ગઈ છે મંત્ર. આહા! એમ ને એમ આયુ પુરૂં થઈ જશે. આહા! આળસ ન કરાય. સોનુ બનાવવામાં કોઈ આળસ કરે? અને કરે તો મુર્ખ કહેવાય ને?

એમ ભગવાન બનાવવાના શાસ્ત્રો, આહા! અલમારીમાં પેક કરી રાખે, અંદરના (ભેગા થયેલા) કાગળ પણ ફાડયા ન હોય. સ્વાધ્યાય તો ઊંચામાં ઊંચી વસ્તુ છે. સ્વાધ્યાયથી વિચાર જન્મે છે, વિચાર દ્વારા યથાર્થ નિર્ણય થાય છે અને નિર્ણય પછી અનુભવ આવે છે.

**બહુધા સર્વપ્રાણીઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ આપે છે. વળી જિનવાણીમાં,** ઉપરાંત. બે વાત કરી, ત્રીજી વાત. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, જાણે તે આત્મા, દેખે તે આત્મા, સ્થૂળ

અપેક્ષાએ મનુષ્ય તે આત્મા, દેવ તે જીવ એમ અનેક પ્રકારે વ્યવહાર દ્વારા નિશ્ચયનો ઉપદેશ આપી શકાય છે. નિશ્ચય તો વચનાતીત અનુભવગમ્ય છે માત્ર. પણ તે નિશ્ચયના સ્વરૂપને યથાર્થ જાણતો ન હોય તેને કોઈ તેના અસાધારણ લક્ષણ દ્વારા તેને લક્ષ કરાવવા માટે તેટલો ભેદ પાડીને, અભેદમાં ભેદ પાડીને સમજાવે છે.

**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુધ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ** આહાહા! આ જિનવાણીમાં, જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ, પ્રયોજન શું? **શુધ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ તેનું ફળ સંસાર જ છે.** કથંચિત સંસાર અને કથંચિત મોક્ષ એમ રાખો ને. નહિતર એકાંત થઈ જશે. આહા! તને એકાંતની ખબર નથી અને અનેકાંતની પણ ખબર નથી.

હવે આગળ. એ ચાર પ્રકારથી ચેતાવ્યા જગતના જીવોને. હવે એક બીજી વાત કરે છે. શુધ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. શુધ્ધાત્મા હું છું એવો અનુભવ તો કદી તેને અજ્ઞાની જીવને થયો નથી. ઓલું અનાદિનું કહ્યું હતું અહીં કદી શબ્દ મુકયો. વિશેષણનો. આહા! શુધ્ધનયનો પક્ષ એટલે શુધ્ધાત્માનો અનુભવ પહેલાં લેવો. પક્ષનો અર્થ વિકલ્પ ન લેવો. શુધ્ધનયનો અનુભવ તો કદી, કદી આવ્યો નથી. આ કોના માટે કદી લખ્યું છે? અનાદિ મિથ્યાદષ્ટિ માટે. સાદી મિથ્યાદષ્ટિ એમાં બાદ રાખવા. બધા અનાદિ મિથ્યાદષ્ટિ ન હોય. ગુરુદેવના સમવસરણમાં આવે ને તેમાં બધા અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ન હોય. સાદી મિથ્યાદષ્ટિ જીવ પણ હોય. આહાહા!

કહે છે કે **શુધ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે-કયાંક કયાંક છે**. શુધ્ધાત્માની વાત કરવી એ તો કયાંક કયાંક વિરલ. આહાહા! સોનગઢના સંતે કરી. બસ્સો વર્ષ પહેલાં રેફરન્સ છે. શુધ્ધનયનો ઉપદેશ જ વિરલ છે. સાચો ઉપદેશ મળે તો વિચાર કરીને પામે ને? ઉપદેશ જ ખોટા. આહાહા! એમાં પામવાનો પ્રકાર હોય નહીં. ઉલટુ મિથ્યાત્વ દઢ થાય એને. **એનો ઉપદેશ પણ વિરલ છે-કયાંક કયાંક છે.** નથી એમ નહીં. કયાંક કયાંક તો છે અને હજી કયાંક કયાંક રહેવાનો પણ છે, પાંચમા આરાના છેડા સુધી. હા. કયાંક કયાંક રહેશે. એનું કારણ એ આ છે ને, બીજનું વાવેતર ગુરુદેવે એવું કર્યું છે. સોગાનીજીએ કહ્યું છે કે આ ગુરુની વાણી પાંચમા આરાના છેડા સુધી જીવોને સમ્યગ્દર્શનમાં નિમિત્ત થશે. આહાહા! એના જ્ઞાનમાં આવ્યું તે લખ્યું તેણે. વાત સાચી છે.

**વિરલ છે-કયાંક કયાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ,** ઉપકારી શ્રી ગુરુ, આત્મજ્ઞાની. શ્રી એટલે આત્મજ્ઞાન હોય તેને ગુરુ કહેવાય. શુધ્ધનયના.... પુણ્ય ને પાપના બે ભેદ પડતા નથી. એકલું મિથ્યાત્વ છે. એ તો પાપ, પાપ ને પાપ છે. ગમે તેટલી મિથ્યાત્વની મંદતા થાય તો એને પુણ્ય ન કહેવાય. ગમે તેટલી મિથ્યાત્વની મંદતા થાય તો એ પુણ્યતત્ત્વ નથી. આહા! એ તો પાપતત્ત્વ જ છે.

માટે કહે છે કે શુધ્ધાત્માનું અવલંબન લ્યો. **એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે. એને જાણ્યા વિના,** આ શુધ્ધાત્માને જાણ્યા વિના જયાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે. વ્યવહારજ્ઞ નથી. વ્યવહારમાં મગ્ન થઈ ગયો છે. વ્યવહારજ્ઞ તો જ્ઞાની હોય.

આત્માને જાણતા જાણતા જે પ્રકારના ભાવ આવે. તેને જાણે તેને વ્યવહારનો જાણનાર કહેવાય. પણ અજ્ઞાની વ્યવહારમાં મગ્ન છે. શુભરાગમાં ઓતપ્રોત મગ્ન થઈ ગયો છે. એટલે શાસ્ત્રજ્ઞાનમાં એવો લીન થઈ ગયો છે. આહા! જ્ઞેયલુબ્ધ છે એ જીવ. આહા! જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ કરી રહ્યો છે. ઈન્દ્રિયજ્ઞાનની તાકાત નથી કે ભેદજ્ઞાન કરી શકે. જે ઈન્દ્રિયજ્ઞાન એકત્વ કરે એ વિભકત કરવાની તાકાત તેનામાં ન હોય. એ તો અતીન્દ્રિયજ્ઞાનની તાકાત છે વિભકત કરવાની.

એ કહે છે વ્યવહારમાં મગ્ન છે. વ્યવહારજ્ઞ નહીં. સાધક તો વ્યવહારનો જાણનાર છે પણ ઓલો તો વ્યવહારમાં મગ્ન થઈ ગયો, ડૂબી ગયો, ઓતપ્રોત થઈ ગયો. મગ્ન થવું જોઈએ સ્વભાવમાં અને મગ્ન થયો રાગમાં, આહાહા! મગ્ન થવું જોઈએ ભગવાનઆત્મામાં અને મગ્ન થયો આસ્રવમાં એ સંવર કયાંથી પ્રગટ થાય? ગમે તેટલી ચંદુભાઈ વાત કરે ને! આહાહા!

શાસ્ત્ર કહે તેને શાસ્ત્રના જાણનારા તો વાત તો શાસ્ત્રમાં હોય તે કરે, પણ ભાઈ! એ તો પોતે પોતાથી જયારે સમજે ને ખરેખર તો, એવો શાસ્ત્રમાં પાઠ છે કે જયારે પોતે પોતાનો ગુરુ થાય ત્યારે સમજાશે. બીજાથી સમજી શકે, બીજા તેને સમજાવી દયે તે વસ્તુના સ્વભાવમાં નથી. કેમકે બે દ્રવ્ય વચ્ચે કર્તા-કર્મ સંબંધ તો છે જ નહીં. માટે **જયાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે,** વ્યવહારજ્ઞ નહીં, વ્યવહારનો જાણનાર તો જ્ઞાની કહેવાય. અને વ્યવહારમાં મગ્ન છે તે અજ્ઞાની છે. **ત્યાં સુધી આત્માના જ્ઞાનશ્રધ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ થઈ શકતું નથી એમ આશય જાણવો.** હવે ત્રણ મિનિટ બાકી છે.

ગાથા કાઢો ૩૮૭-૮૮-૮૯. ૩૮૭-૮૮ ને ૮૯. પાનું ૫૫૧ છે ઘણે ભાગે. ૫૫૧.બીજામાં ફેર કાંઈ હશે ૩૮૭-૮૮-૮૯. પાનું ૫૩૬-૩૭ છે. સર્વવિશુધ્ધજ્ઞાન અધિકાર છે. ગાથા ૩૮૭. હરિગીત બોલીએ તેથી ટાઈમ થોડો બચે.

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૭.**
**જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું ',**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૮.**
**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને. ૩૮૯.**

ગાથાનો અર્થ થઈ જશે બે મિનિટ બાકી છે. ગાથાનો અર્થ. કર્મના ફળને વેદતો થકો, આહાહા! જે આત્મા કર્મફળને પોતારૂપ કરે છે-માને છે તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને એટલે કે દુઃખના બીજને બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા 'કર્મફળ મેં કર્યું', એમ જાણે છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને એટલે કે દુઃખના બીજને બાંધે છે.

કર્મના ફળને વેદતો થકો જે આત્મા સુખી-દુઃખી થાય છે, તે ફરીને પણ આઠ પ્રકારના કર્મને-દુઃખના બીજને બાંધે છે. તેની ટીકા બહુ સહેલી છે. બધા સામાન્ય જીવો સમજી શકે એવી ટીકા આવશે. આ તો જરા થોડુંક આમ આવ્યું બાકી ટીકામાં બહુ સરસ આવશે કે અજ્ઞાન કેમ ઊભું થાય છે અને કેવી રીતે જીવ કર્મને બાંધે છે તેનો વિસ્તાર હવે આવશે.

卐